Extra No. 323

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] THURSDAY, SEPTEMBER 11, 2025 / BHADRA 20, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટર દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નં.LIB/જાહેરનામું/૧૩૨૬/૨૦૨૫ તા.૦૨/૦૯/૨૦૨૫

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩

જાહેરનામું

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનો હુકમ :-

પત્ર ક્રમાંક.એમએજી (૧)/વશી/૧૧૦૦૩ થી ૧૧૦૬૭/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નં.LIB/જાહેરનામું/૧૩૨૬/૨૦૨૫ તા.૨/૯/૨૦૨૫ થી ગુજરાત રાજયમાં આવેલ ઓધોગિક એકમો અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે છે જેથી રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફ થી શ્રમિકો/કામદારોનો કોઈ પુર્વઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી નથી. જેના કારણે અસામાજીક તત્વો,ગુન્હાહિત ઈતિહાસ ધરાતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિઓને રોજગારી આપી દેવામાં આવે છે જે આપણા દેશ અને રાજયની આતરિક સુરક્ષા માટે યોગ્ય નહી હોવાથી જીલ્લા ના કાર્યક્ષેત્રમાં કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે આ શ્રમિકો/કામદારોનો પૂર્વ ઈતિહાસ/નાગરિકતા અને ઓળખ અંગેની જરૂરી કાર્યવાહી કરવા સૂચના કરેલ છે. જે અન્વયે અત્રેના પાટણ જિલ્લામાં મોટા-મોટા ઔધિગિક એકમો, ઘરકામ, સોલાર પાવર પ્રોજેક્ટ, જીનીંગ મિલો, ફેક્ટરીઓ, ઈંટોના ભઠ્ઠાઓ વિગેરે જેવા મોટા ઔદ્યોગિક એકમોનું કામકાજ ચાલુમાં હોઈ તેમજ ચાણસ્મા-મહેસાણા હાઈવેનું તથા મોટા-મોટા મંદિરો તથા જીનાલયોના તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ-રસ્તાના મરામત અને નવિન કામો ચાલુ હોય તથા અન્ય બાંધકામના કામોમાં અને ખેતીકામ માટે બહારથી કે અન્ય રાજયોમાંથી મજુરો લાવી તેમનો મજુરી કામમાં મોટા પાયે ઉપયોગ કરવામાં આવે છે. જે મજુરોને મજુર ઠેકેદારો/સપ્લાયર્સ/કોન્ટ્રાકટરો દ્વારા લાવવામાં આવે છે. અને પાટણ જિલ્લાના રહેણાંક વિસ્તારમાં અને ઔદ્યોગિક વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન, દેહ વ્યાપાર, અન્ય ગેરકાયદેસર કૃત્યો ચલાવતા હોવાનું જણાઈ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાનું જણાય આવેલ છે. પાટણ જિલ્લામાં મિલ્કત વિરૂધ્ધના અને શરીર સંબંધી ગુન્હાઓ બનતા હોઈ આવા ગુન્હાઓની તપાસના અનુસંધાને મોટાભાગના કિસ્સાઓમાં જાણવા મળેલ છે કે, ગુજરાત બહારના રાજયોમાંથી/ અન્ય દેશમાંથી આવેલા મજુરો/ કારીગરો ઔદ્યોગિક એકમોમાં મજુરી કામ મેળવી ઘરકામ કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ મોટી ઘરફોડ, ચોરી, લૂંટ તથા અન્ય મિલ્કત વિરૂધ્ધના અને શરીર સબંધી ગુન્હાઓ

આચરી પોતાના વતનમાં પરત જતા રહેતા હોય છે. આવા ગુન્હાઓ વણ શોધાયેલા રહે છે અને આવા સંજોગોમાં જાહેર જનતાની સુખાકારી અને અને સલામતિની સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા અતિ આવશ્યક હોઈ જેથી સમગ્ર પાટણ જિલ્લામાં આવેલ સ્પા/મસાજ પાર્લર ખાતે કર્મચારીઓ/ મજુરોને કામે રાખનાર સંચાલકો તેમજ ઔદ્યોગિક એકમો અને અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના/અન્ય દેશના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો/સપ્લાયર્સ/કોટ્રાકટરોને ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે આવા મજુરો લાવે ત્યારે તેઓના ફોટોગ્રાફ/આઈ ડી. પ્રફ/નાગરિકતા સાથેની માહીતી નીચે જણાવેલ કોલમો મુજબ ભરી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ કલમ ૧૬૩ મુજબ તા. ૧૧/૦૯/૨૦૨૫ ક.૦૦/૦૦ થી તા.૧૧/૦૯/૨૦૨૫ના ક.૨૪/૦૦ સુધીનું જાહેરનામું પાટણ જિલ્લાના તમામ શહેરી/ગ્રામ્ય વિસ્તાર માટે પ્રસિધ્ધ કરાવવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું વી.સી.બોડાણા(GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર પાટણ જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ સ્પા/મસાજ પાર્લર ખાતે કર્મચારીઓ/મજુરોને કામે રાખનાર સંચાલકો તેમજ ઔદ્યોગિક એકમો અને અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજય બહારના / અન્ય દેશના) મજુરોને કામે રાખનાર મજુર ઠેકેદારો/સપ્લાયર્સ/કોટ્રાકટરોને ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે આવા મજુરો લાવે ત્યારે તેઓના ફોટોગ્રાફ/આઈ.ડી.પ્રુફ/નાગરિકતા સાથેની માહીતી નીચે જણાવેલ નિયત નમુનાના ફોર્મ મુજબ ભરી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા ફરમાવું છુ.

આ જાહેરનામું/હુકમ તા.૧૧/૦૯/૨૦૨૫ થી તા. ૩૧/૧૦/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

ઓધિગિક એકમ/મકાન બાંધકામ/બીલ્ડર્સ તથા સોલાર પાવર તથા ઈંટ્ટોના ભટ્ટા ઔધોગીક એકમોના સંચાલકો/મજુર ઠેકેદારો તથા રાપ્લાયર્સ/કોન્ટ્રાકટરો જ્યારે કર્મચારી/મજુરો કામે રાખે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશનમાં માહિતી આપવાનું ફોર્મ

૧	મકાન/બંગલા/ઓધિગિક એકમ/મકાન બાંધકામ/બીલ્ડર્સ તથા અન્ય ઉધોગો સાથે સંકળાયેલા તમામ પાઈવેટ સેકટરના માલિકો /દલાલ/મેનેજમેન્ટ/સ્ટાફનું નામ/સરનામું ટેલીફોન નંબર સાથે	
૨	ઘરકામે રાખેલ નોકરી /મંજુરો / કારીગરો / વોચમેનો / માળીઓ / ડ્રાયવરો / રસોઈયઓનું પુરૂ નામ તથા સરનામું	
૩	સ્પા/મસાજ પાર્લર વિ.ના સંચાલક/ લેબર કોન્ટ્રાકટર મુકાદમ (સપ્લાયર્સ) નું નામ,સરનામું, મોબાઈલ નંબર	
૪	કર્મચારી / મજુરનું નામ, ઉ.વ..	
૫	કર્મચારી / મજુરનું હાલનું સરનામું તથા મો.નં.	
૬	કર્મચારી/ મજુરના મુળ વતનનું સરનામુ/ગામ તાલુકો, જિલ્લો,રાજય	
૭	હાલની ફરજનું સ્થળ / કંપનીનું નામ.	
૮	કર્મચારી / મજુરના વતનના સ્થાનીક પોલીસ સ્ટેશનનું નામ તથા જિલ્લો અને તેનો સંપર્ક નંબર.	
૯	કર્મચારી / મંજુરના વતનના આગેવાનનું નામ,સરનામું,સંપર્ક નંબર	
૧૦	કર્મચારી/ મંજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત	
૧૧	કયારથી સંચાલકે / મુકાદમે /કોન્ટ્રાકટરે કામ માટે રાખેલ છે.?	
૧૨	કર્મચારી / મજુરના ઓળખ માટેનું આઈ.ડી.પ્રુફ (ફોટા સાથે)	
૧૩	પાટણ જિલ્લામાં કઈ તારીખથી કામ કરે છે? અને કઈ તારીખે જવાના છે. ?	

૧૪	કર્મચારી/મંજુરનો તાજેતરનો ફોટો.	
૧૫	કર્મચારી/ મજુરના અંગુઠાનું નિશાન/સહી	
૧૬	સંચાલક/મુકાદમસપ્લાયર/કોન્ટ્રાક્ટરની સહી અને નામ	
૧૭	નાગરીકતાના પુરાવા (દસ્તાવેજ)	
૧૮	નોકરો/મજુરો/કારીગરો જે વિદેશી નાગરિક હોય તો (ફોરેનર્સ) (વિશેષ શાખા) માં જાણ કરવી	

આજ રોજ તા. ૦૮/૦૯/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

વી.સી.બોડાણા GAS,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:21:30 IST